SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 67. સાબરકાંઠા વિસ્તારની શક્તિપૂજા અને ગરબા: અરવિંદભાઈ પટેલ

*પંચાલ વિજય .એમ*

ગુજરાતમાં રાસ અને ગરબા વિશે ઠીક ઠીક સાહિત્યનું સર્જન થયું છે અને ખૂબ પ્રચલિત પણ થયું છે. લોકસાહિત્યનાં બીજા સ્વરૂપો જેવા કે, લોકકથા, લોકગીત, લગ્નગીત, હાલરડાં, જોડકણાં, કહેવતો, લોકનાટ્ય વગેરે સ્વરૂપોમાં ગરબા અને રાસ સ્વરૂપ વધુ પ્રચલિત થયા છે. ગુજરાતનાં લોકસાહિત્યની વાત કરીએ તો સૌથી વધુ સંશોધન, સંપાદન અને અભ્યાસ જો કોઈ પ્રદેશનાં સંદર્ભમાં થયો હોય તો તે સૌરાષ્ટ્ર પ્રદેશ છે. પરંતુ એનું કારણ એ નથી, કે સૌરાષ્ટ્રની તુલનાએ આવું લોકજીવન કે લોકસાંસ્કૃતિકની વિરાસત ગુજરાતનાં અન્ય પ્રદેશમાં નથી. ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશ ઉપરાંત દક્ષિણ ગુજરાત, કચ્છપ્રદેશ, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં પણ લોકસાહિત્યનાં સ્વરૂપોનો વિકાસ થયો છે. ઉત્તર ગુજરાતનાં લોકસાહિત્યમાં પણ અનેક સંશોધન અને સંપાદન કાર્યો થયા છે. આ સંશોધન-સંપાદનમાં ડૉ. ભગવાનદાસ પટેલ, વીરચંદ પંચાલ, નવજી ડાભી, ડૉ. જીજ્ઞાસા પટેલ, કનુભાઈ જાની, ડૉ. પ્રેમજી પટેલ, ડૉ. અમૃત પટેલ વગેરે એ ઉત્તર ગુજરાતનાં લોકસાહિત્યના સંશોધન-સંપાદન કાર્યમાં પોતાનુ અમૂલ્ય યોગદાન આપ્યું છે.

ઉત્તર ગુજરાતનાં જ સંશોધક-સંપાદક એવા અરવિંદભાઈ પટેલ તેમનો જન્મ જવાનપુરમાં થયો હતો. તેમણે લોકસાહિત્યમાં "સાબરકાંઠા વિસ્તારની શક્તિપૂજા અને ગરબા" વિષયક કેટલાક ગરબાઓ એકત્રિત કર્યા. આ ગરબાઓને ગુજરાત સાહિત્ય અકાદમી ગાંધીનગરની સહાયથી ગ્રંથરૂપે પ્રકાશિત કરવામાં આવ્યો છે. આ સંપાદન કાર્ય માટે "ચૌદલોક" માટે ગુજરાતી સાહિત્ય અકાદમી લોકસાહિત્ય વિભાગનું પારિતોષિક (૧૯૯૮) પ્રાપ્ત કરનાર ડૉ. પ્રેમજી પટેલ સાહેબ આ વિષય પસંદ કરવામાં ખૂબ મદદ રૂપ થયા છે. મોટી વાત તો એ છે કે, આ સંપાદન કાર્ય એમ. એ. ભાગ-૨માં લોકસાહિત્યના પેપરમાં ક્ષેત્રેકાર્યમાં ફિલ્ડ વર્કની પસંદગી કરીને અરવિંદભાઈ પટેલે "સાબરકાંઠા વિસ્તારની શક્તિપૂજા અને ગરબા" ઓ સંપાદિત કર્યા છે. આ ફિલ્ડ વર્ક કાર્યમાં તેમના કાકા રસિકભાઈએ પણ ખૂબ સાથ સહકાર આપ્યો છે. તદ ઉપરાંત જરૂર જણાય ત્યારે ડૉ. જે. સી. પટેલ, પ્રો. પી. જે. વાઘેલા, અને કૉલેજનાં અન્ય અધ્યાપકો પાસેથી સલાહ-સૂચનો અને માહિતી મેળવતા રહ્યા છે.

અરવિંદભાઈ પટેલ "સાબરકાંઠા વિસ્તારની શક્તીપૂજા અને ગરબા" સંગ્રહ કરવાની શુભ શરૂઆત સિમલીયા ગામનાં નારણભાઈ દેસાઈ પાસેથી કરે છે. ત્યાર પછી સીમલીયા ગામનાં જ વાઘરી (દેવીપૂજક) જશુભાઇ જે નારણભાઈ દેસાઈના બાળપણનાં મિત્ર હતા. તેમની પાસેથી પણ ગરબાઓ ગવડાવે છે અને તે ગરબાઓને પોતાની રોજનીશીમાં ટાંકે છે. જુવાનપુરા ગામનાં કથક શ્રી દિપસિંહ ઠાકોર, પટેલ આશાબેન દશરથભાઈ વગેરે જેવા અનેક શક્તિપૂજા અને ગરબાઓની જાણકારી રાખનાર કથકો પાસેથી એકઠા કરે છે. કંઠસ્થ રીતે જે સચવાયેલું છે તેવા કથકો પાસે જઈને તેમણે આ ક્ષેત્રકાર્યમાં શક્તિપૂજા અને ગરબાઓનું સંપાદન કાર્ય કર્યું છે. તેમણે આ ક્ષેત્રકાર્યમાં અનેક મુશ્કેલીઓનો સામનો પણ કરવો પડ્યો. જેમાં સીમલીયા ગામનાં નારણભાઈ દેસાઈ પાસે ગરબા એકત્રિત કરવા જાય છે, ત્યારે જે મુશ્કેલી ઊભી થાય છે. તે પોતાના નિવેદનમાં નોંધે છે.

**(૧)** " ગરબાસંગ્રહ કરવાની વાત કરી ત્યારે પહેલા તો ના પાડી અને પ્રશ્ન કર્યો કે, વળી કોલેજમાં તો ગરબા ગાવાનું વિષય હતો હશે.? એમ કહી વાતને ટાળતા જતા હતા." **(૨)** " સીમલીયા ગામનાં વાઘરી (દેવીપુજક) જશુભાઈ ને મળતા કંઈક જુદા જ પ્રકારનો અનુભવ જોવા મળ્યો. જશુભાઈ ના બાળ મિત્ર નારણભાઈ છે. જ્યારે પણ તેમની પાસે 'ગરબાસંગ્રહ' કરવા જતા ત્યારે તે કહેતા કે, હું તો મારા ગઠિયા બાળમિત્ર હોય તો જ તમને ગરબાનું કથન કરું." **(૩).** " જશુબેન પાસે જ્યારે ગરબા સંગ્રહ કરવા જાય છે. ત્યારે તે કહેતા કે 'નવરાત્રી' કે 'માંડવરી' હોય તો જ ગરબા ગાઉ, એટલે કે પ્રસંગ વગર કરવામાં આવતો નથી."

આ ઉપરાંત પણ અનેક મુશ્કેલીઓનો સામનો કરીને, બધા જ કથકોને સમજાવી બુજાવીને તેમની પાસેથી ગરબાઓ એકત્રિત કર્યા. તેમણે "સાબરકાંઠા વિસ્તારની શક્તિપૂજા અને ગરબા શીર્ષક હેઠળ ૭૫જેટલા ગરબા, રાસ અને શક્તિપૂજાના ગરબાઓ એકત્રિત કર્યા છે. એમણે આ સંગ્રહને ત્રણ વિભાગમાં વેચ્યો છે.

**(૧) શક્તિપૂજાના ગરબા (૫૨ ગરબા), (૨) રાસ અને રાસડાનાં ગરબા (૦૯ ગરબા), (૩) અન્ય ગરબા (૧૪ ગરબા)**

## ૧. શક્તિપૂજાના ગરબા:

શક્તિપૂજાનું મહત્વ વેદકાળમાં વધુ જોવા મળે છે, તેથી જ આજે શક્તિનો મહિમા પૌરાણિક હોવાના લીધે તો આજે આ શક્તિની આપણે પૂજા કરીએ છિએ. આદ્યશક્તિની આરાધનાં અને તેનો મહિમા જોવા મળે છે. આદ્યશક્તિ જ સ્વયંભૂ સૃષ્ટિના સર્જક, પોષક, પાલક અને સંહારક રૂપે કલ્પવામાં આવે છે. અખંડ જ્યોતને એનું પ્રતિક માનવામાં આવે છે. શક્તિપૂજામાંથી જ ઊભા થયેલા શાક્તપંથમાં પણ જ્યોતને આજે શક્તિ કે મહામાયાનું સ્વરૂપ ગણવામાં આવે છે. તેથી જ ગુજરાતી ભાષામાં શક્તિપૂજાનું મહત્વ વિશેષ રહેલું છે. નવરાત્રી દરમિયાન પણ શક્તિપૂજાના વિવિધ ગરબાઓ ગાવામા આવે છે. આદ્યશક્તિ પર રહેલી શ્રધ્ધા અને વિશ્વાસ ને લીધે તેને ઉત્સાહની જેમ ઉજવવામાં આવે છે. તેના ભજન, કીર્તન, રાસ, ગરબાઓ વગેરેથી આદ્યશક્તિનો મહિમા ગાવામાં આવે છે. શક્તિપૂજાને રજૂ કરતા ગરબાઓમાં ઉત્તર ગુજરાતનાં સાબરકાંઠા વિસ્તારનાં ગરબાઓ પણ મા આદ્યશક્તિની પૂજા, અર્ચના અને આરાધનાં માટે ગાવામાં આવે છે. તેથી જ અરવિંદ પટેલે સાબરકાંઠા વિસ્તારનાં શક્તિ પૂજાના ગરબાઓ આ વિભાગમાં રજૂ કર્યા છે. તેમને ગરબાઓનું સંપાદન કાર્ય સાબરકાંઠા વિસ્તારનાં અનેક કથકો પાસેથી મેળવીને પુસ્તક રૂપે પ્રકાશિત કર્યુ છે. શક્તિપૂજાનો પ્રથમ ગરબો ગામની ટોડીની માતાનું સ્મરણ કરવામાં આવ્યું છે. આ ગરબાની પ્રથમ પંક્તિ જ શક્તિપૂજાનો મહિમા જોવા મળે છે.

**"એ...હું પ્રથમ શમરું દેવન એ...હું તો શમરું બ્રહ્મણીમાદેવ મારી બ્રહ્માણીમાં**
**ગરબે રમવાને વેલા આવજો."**

આપેલા ગરબાનાં પહેલા ચરણમાં દેવીને સંબોધીને ગવાય છે. ગરબામાં દેવીને પ્રથમ શક્તિ અને બ્રહ્માંડની માતા તરીકે દર્શાવવામાં આવી છે. અને શક્તિને ગરબા રમવા માટે પણ આમંત્રિત કરે છે. ગરબામાં આદર અને ભક્તિ ભાવનાના દર્શન થાય છે. વધુ પડતા આવા શક્તિપૂજાના ગરબાઓ નવરાત્રી દરમિયાન રજૂ થતા હોય છે. બીજા ગરબમાં આદિવાસી સંસ્કૃતિના સરળ અને પ્રમાણિક પ્રેમનું પ્રતિનિધિત્વ કરે છે. માતાને દેવી તરીકે પૂજવા, ધાર્મિક ભાવના, આદ્યશક્તિ પ્રત્યેના પ્રેમનુ સુંદર વર્ણન કર્યું છે.

**" મા મારે સોના રૂપાનો બાજોટીયો...(૨)**
**મેરીયે મેલ્યો સોનાનો બાજોટીયો"**

ભક્તની માતા અંબામાં પ્રત્યેની શ્રધ્ધા અને તેના વાહન પર વિવાહકનું વર્ણન આ ગરબામાં જોવા મળે છે. તદુ ઉપરાંત શક્તિપૂજાનો મહિમા દર્શાવતા અનેક ગરબાઓનુ અહીં આ વિભાગમાં નિરૂપણ કર્યું છે છઠ્ઠા ગરબામા માતાજી પાપીઓનો નાશ કરે છે, તેનું વર્ણન જોવા મળે છે.

સાતમા ગરબામાં કૃષ્ણ વિ રચના છે. તેમજ આઠમા ગરબામાં સૂકા બાવળને વરાઇને રથની સજાવટ કરી એ રથમાં જુદા જુદા દેવોને બિરાજમાન કરી અબિલ ગુલાલ ઉડાડવાનો પ્રસંગ દર્શાવવામાં આવ્યો છે. નવમાં ગરબામાં જુદા જુદા માતાનાં ધામે દર્શનાર્થે જતા ભક્તોનું વર્ણન કર્યું છે. અને તે ભક્ત દ્વારા માતાનો હાથ સદા તેના પર રહે તેવી ઈચ્છા વ્યક્ત કરે છે.

**"ઉટરડા ગામ વારી દીપ મા માવડી બેઠાં માજમાને તેર,**
**હે જવાનપૂર ગામમાં ગરબા તેરવ્યો સૈયારો જુએ**
**તમારી વાટ દીપા મા રમવા આવોને."**

આ ગરબામાં એક ગામથી બીજા ગામ માતાને લાવવાનું આજીજીનું વર્ણન જોવા મળે છે. માતાને પોતાનાં ગામ ઉપર કૃપા કરવા એક ભક્તિની પ્રાર્થના રજૂ થાય છે. 'સાબરકાંઠા વિસ્તારની શક્તિપૂજા અને ગરબા' ગ્રંથ શક્તિપૂજાનો મહિમા દર્શાવાતા કુલ બાવન (૫૨) ગરબામાં શક્તિરૂપી માતા આદ્યશક્તિનાં ગુણગાન ગાયા છે. માતા પ્રત્યેની પોતાની અતૂટ શ્રદ્ધા અને ભક્તિનાં દર્શન કરાવ્યા છે. ત્રીસમા ગરબામાં અંબામાં, પછીના ગરબાઓમાં ક્રમશઃ મહાકાળિમાં, પ્રકૃતિ, લોકવૈભવ, અમાસી રાત્રિ અને લીલૂડી ધરતી અને ચાળીશમી રચનામાં ફાગવેલ ગામના શૂરા ભાથીજીની રચના કરી છે.

**"હે લીલી – લીંબડીયાંની છાયા મહારાજ હાલોને ફાગવેલ ગામ જઈએ,**
**હીંચકો બાધ્યો લીમડા ડાળ મહારાજ હાલો ને**
**હીંચકે હેકશ ભાથીજી શૂરા મહારાજ હાલોને..."**

તદ્ ઉપરાંત એક્તાલીસ થી બાવન સુધીના ગરબામાં અલગ – અલગ પંક્તિઓ દ્વારા ગામનાં સુથારી, લુહારી, કુંભાર અને લોકકંઠે ગવાતા હોવાથી લોકમાનસને સરળતાથી યાદ રહે તે માટેની આ એક પદ્ધતિ હતી.જેથી જે તે પ્રસંગે સમય પણ પસાર થઈ શકે.આવા

ગરબામાં બર્ડન, રિફ્રેન, કોરસ જેવી પંક્તિઓ અહીં જોવા મળે છે. શક્તિપૂજા ગરબા રૂપે રજૂ થયેલાં આ ગરબાઓનું છંદ, અલંકાર અને તેનાં લય, લહકાને પણ અહીં સંપાદકે રજુ કરી આપ્યાં છે.

## ૨.રાસ અને રાસડાનાં ગરબા :

ગુજરાતનાં જનજીવનમાં રાસ – રાસડાનાં ગરબાથી ભાગ્યે જ કોઈ અજાણ હશે.રાસ-રાસડ ગુજરાતનાં સામાજિક જીવનમાં તાણાવાણાની જેમ વણાયેલા છે. આ સ્વરૂપમાં ગુજરાતી પ્રજા ઓતપ્રોત રહે છે. રાસ એ ગરબાનો જ એક પ્રકાર તરીકે ગુજરાતી પ્રજા જુએ છે. ગરબો, ગરબી અને રાસ વચ્ચે પાતળી ભેદ રેખા જોવા મળે છે. રાસ એ મહાભારત, રામાયણ કે કોઈ પૌરાણિક ગ્રંથ ઉપરથી રચાતા હોય છે. રાસ કૃષ્ણલીલાને ધ્યાને રાખીને રચાતા હોય છે. તેથી તેમાં પ્રણયની વાત પણ આવે છે.

'સાબરકાંઠા વિસ્તારની શક્તિ પૂજા અને ગરબા'માં બીજા વિભાગમાં સર્જકે રામાયણ વિષયક પણ રાસ રાસડાનાં ગરબાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ વિભાગની પ્રથમ રચના રાસ સ્વરૂપે અને રામાયણની પ્રમુખ ઘટનાનું નિરૂપણ કરવામાં આવ્યું છે. 'સીતાહરણ' નું કથાબીજ આ રાસમા જોવા મળે છે. રાવણે સીતાહરણ કરવા માટે જે ષડયંત્ર રચ્યું હતુ, તેનું સુંદર વર્ણન અહીં આ પ્રથમ રાસમાં જોવા મળે છે.

**"પિતાએ ચંપોને મરવો રોપ્યા**
**હે...મૃગલો ચરી ચરી જાય રામજી ચરતા રે મૃગલા ને મરર્ય**
**કુંભ અને કપરી રાવણ આવિયો મરગલાના વેશ રચાવ્યો**

રામાયણ આધારિત બીજી રચનામાં રાજા જનકને પોતાની પુત્રીના સ્વયંવર સમયે જાહેર સભામાં આમંત્રણ દ્વારા દિગજજ રાજાઓને તેડાવ્યા એમાં રામ અને રાવણ જેવા રાજાઓ પણ આવ્યા હતા. રાવણ સાથે કુંભકરણ પણ સ્વયંવરમાં આવ્યો હતો. સ્વયંવરમાં ધનુષ્ય ઉપાડવાની પ્રતિયોગિતામાં ભાગ લેવા આવેલા રાજાઓ એક પછી એક રાજાઓ નિષ્ફળ થતાં. રાવણનો સમય આવે છે, પરંતુ રાવણ પણ તે ધનુષ્યને ઉપાડવામાં નિષ્ફળ રહે છે ત્યારે **"હારે લાગ્યું લંકા કેરા ભૂપ લંકા કેરા ભુપ"** ગરબામાં કહેવામાં આવ્યું છે. ત્યારબાદ રામ તે ધનુષ્યને ભાંગીને ભૂમિ પરનો ભાર હળવો કરે છે.

આ ગ્રંથમાં કૃષ્ણ વિષયક બે રાસ ગરબાનું સંપાદન પણ થયું છે. તે રાસમાં ખૂબ પ્રચલિત એવો રાસ **"ઝુલણ મોરલી વાગી રે રાજાના કુંવર"** અને **"કાનજી તમે ક્યાં ગ્યાતા વનમાં વાગી મોરલી"** જેવા ગરબામાં કૃષ્ણ પ્રત્યેનો પ્રેમ, ભક્તિ અને કૃષ્ણ મહિમાનું ગાન જોવા મળે છે. તદુપરાંત આ વિભાગમાં કેટલાક વીર પુરુષોની ગાથાનું વર્ણન કરતા ગરબા (રાસ) જોવા મળે છે. જેમાં જેસલ જાડેજો, ભાથીજી મહારાજ અને શિવાજી મહારાજનું વર્ણન જોવા મળે છે.

**"કચ્છ અંજાર નો રાજા જેસલ જાડેજા...(૨)**
**દરિયે ડૂબ્યાં નાવ જેસલ જાડેજા....(૨)**
**હે પાપ તારું પોકાર જેસલ જાડેજા"**

અહીં કચ્છનાં રાજા જેસલ જાડેજા અને સતી તોરલ વિશેના ઐતિહાસિક સંદર્ભને આલેખતી ઘટનાનું વર્ણન થયું છે. જેસલ દ્વારા કરાયેલા પાપને નાવરૂપી દરિયે ડુબાડીને જેસલ જાડેજાને તેનાં કર્મોનું ફળ આપે છે. ઐતિહાસિક ઘટનાઓને આલેખતો બીજો ગરબો ભાથીજી મહારાજનો છે. જેમાં ફાગવેલ ગામ મુકામે ભાથીજી મહારાજની સગાઈ અને જાનનુ આગમન થતુ દર્શાવવામા આવ્યુ છે. ત્રીજા ગરબામાં શિવાજી વિષયક જોવા મળે છે. તેમાં શિવાજી મહારાજના વીર પરાક્રમોનું નિરૂપણ થયું છે.

## ૩. અન્ય ગરબાઓ:

ગરબામાં મુખ્ય ત્રણ વિભાગની રચના કરી છે. જેમાં ત્રીજા વિભાગને અન્ય ગરબાઓ રૂપે રજૂ કર્યો છે. આ વિભાગમા અરવિંદ પટેલે હાસ્ય, પ્રણય ,દાંપત્ય, સામાજિક, ઊર્મિ વગેરેના ગરબાઓનો સમાવેશ કર્યો છે. આ ગરબાઓ પણ 'માંડવરી' પ્રસંગેના સમયે સમય પ્રસાર કરવા માટે ગાવામાં આવે છે. આ વિભાગમાં સર્જકે ૧૪ ગરબાઓનો સમાવેશ કર્યો છે. જેમાં,

**"હોકલીયો સીયા ગામ ગ્યોતો**
**હોકલીયો જવાનપુર ગામ ગ્યોતો**

આ વિભાગની પ્રથમ રચનામાં જ હાસ્ય નિરૂપણ જોવા મળે છે. આ ગરબામાં ગામડાનાં લોકો એક-બીજાનાં રાજમાં આવીને કેવી લહેર કરે છે, તે જોવા મળે છે. ગામડામાં લોકોનાં સામાજિક સંબંધોનો પણ ખ્યાલ આવે છે. તેની પંક્તિઓમાં હાસ્ય રસનું નિરૂપણ જોવા મળે છે. બીજા અને ત્રીજા ગરબામાં દાંપત્ય જીવનનું વર્ણન જોવા મળે છે. સાબરકાંઠા વિસ્તારનાં લોકો જ્યારે વેપાર અર્થ બહાર જાય છે, ત્યારે તે પુરુષની પત્ની તેના વિરહ અને તેની યાદમાં જે ગરબાઓ ગાય છે તે જોવા મળે છે. શેરડીના વાવેતર અને તેને લણીને તે પાકને શહેર વેચવા જવું અને ગ્રામીણ સમાજની સ્ત્રીઓનું સુંદર વર્ણન રજૂ કર્યું છે,

**સાંકરીયા શેલડી વાયી મષુરીયાં,**
**સાંકરીયા શેલડી વાયી રે લોલ.**

ગરબો ચોથો અને છઠ્ઠો ગરબો દાંપત્ય જીવનને ઉજાગર કરે છે. એક સ્ત્રી પોતાનાં શૃંગારનું વર્ણન કરે છે. અને પિયરમાં એક સ્ત્રીના દાંપત્ય જીવનનો ઉલ્લેખ જોવા મળે છે. સસરો, જેઠજી, દિયર વગેરે પ્રત્યેની એક પરણેલી સ્ત્રીએ સાંસારિક જીવનના સંસ્કારોનું દર્શન આ ગરબામા જોવા મળે છે. છઠ્ઠા ગરબામાં પણ ખેતીમાં કામ – કાજ કરતા દંપતીનું વર્ણન થયું છે. ગરબા દસમા અને બારમાં સર્જકે ઊર્મિ રચનાઓનું સંપાદન કર્યું છે.

**" હું તો લેરીયું રે ઓઢી પાણીડાં હલી**
**મને પૂછે આ નગરીનાં લોકો આતો કોનું રે**
**લીધેલું લેરિયું રે."**

સાબરકાંઠા વિસ્તારનાં લોકોના સામાજિક, આર્થિક તેમજ સાંસ્કૃતિક દર્શન, સામાજિક અને વૈયક્તિક એકતાનું દર્શન કરાવતા ગરબા તે વિસ્તારનાં લોકોનું જનજીવન વ્યક્ત કરે છે. તે વિસ્તારના લોકોનો પ્રકૃતિ સાથે સબંધ દર્શાવે છે. ૧૪માં ગરબામાં સર્જકે અન્ય સ્વરૂપમાં સ્થાન આપ્યું છે. તેનું શીર્ષક **"નવી નાગણનો રાફડો તે કેસરિયા લાલ"** હેઠળ રજૂ થયો છે.

આ સંપાદન કાર્યમાં અરવિંદ પટેલે માહિતી દાતાઓની યાદી પણ રજૂ કરી છે. તેમને તે માહિતી દાતાઓનાં ગામ, નામ, તાલુકો, અને તે વ્યવસાય એ શું કરે છે. તે વિશે પણ માહિતી આપી છે. ગ્રંથનાં અંતે શબ્દાવલી દ્વારા આ ગરબાઓમાં રજૂ થતા શબ્દોને સામાન્ય ભાષામાં બોલાતા હોય તેવા આર્થોમાં તેની સમજૂતી કરી આપી છે. ગરબામાં જોવા મળતા તે પ્રદેશના તળપદા શબ્દોને શિષ્ટ રૂપે રજૂ કર્યા છે. તે શબ્દોમાં 'નુતરાં-આમંત્રણ', 'પાંમડી-ઓઢવાનું વસ્ત્ર,' 'રાઢ્યો-રસલાગ્યો,' 'ટેબ-ખેતરની ઉંચી જગ્યા વગેરે જેવા ગરબાઓમાં રજૂ થયેલા શબ્દોની સમજૂતી કરી આપી છે.

આમ, "સાબરકાંઠા વિસ્તારની શક્તિપૂજા અને ગરબા" નામનાં સંપાદન ગ્રંથમાં અરવિંદ પટેલે સંપાદિત કરેલા ગરબાઓ શક્તિપૂજા રાસ, રાસડાઓ અને અન્ય સ્વરૂપના ગરબાઓનું સંપાદન કાર્ય લોકસાહિત્યનાં દ્રષ્ટિકોણ થી કરી આપ્યું છે. સાબરકાંઠા વિસ્તારની સંસ્કૃતિ, રિતિ રિવાજો, શ્રદ્ધા, માન્યતાઓ, સામાજિક, આર્થિક અને ઐતિહાસિક રચનાઓને રજૂ કરતા આ ગરબાઓ સાબરકાંઠા વિસ્તારનાં લોકોનાં કંઠે સચવાયેલા પડ્યા છે. અને તે ગરબાઓનું આ સંપાદન કાર્ય અરવિંદ પટેલ દ્વારા થયુ છે. આ સંપાદન કરીને એક લોકસાહિત્યકાર તરીકેની પોતાનુ નામ ઉતર ગુજરાતનાં લોકસાહિત્યકારોમાં નોધયુ છે. તેથી જ આ સંપાદન કાર્યને ગુજરાતી સાહિત્ય અકાદમી ગાંધીનગર દ્વારા ગ્રંથસ્થ કરવા માટે આ સંપાદન કાર્યને સહાય આપવામાં આવે છે. તે પણ એક સંપાદકને આનંદની વાત છે. સાબરકાંઠા વિસ્તારના લોકો પાસે કંઠસ્થ રીતે સચવાયેલ લોકસાહિત્ય ગુજરાતના અન્ય લોકસાહિત્યના વાચક વર્ગ સુધી પહોંચાડવાનું કાર્ય શ્રી અરવિંદ પટેલે કરેલ છે. આ ગ્રંથમાં અરવિંદ પટેલ પાસે એક લોકસાહિત્યના સંપાદક પાસે જે દ્રષ્ટિ હોવો જોઈએ તે અરવિંદ પટેલ પાસે રહેલી છે. તે આ ગ્રંથના અભ્યાસ પરથી જોવા મળે છે.

## સંદર્ભ

(૧) જયમલ્લ પરમાર: "આપણી લોકસંસ્કૃતિ" પ્રવીણ પ્રકાશન, પ્ર.આ.૨૦૦૨

(૨) મંજુલાલ મજમૂદાર: "ગુજરાતી સાહિત્ય સ્વરુપો(મધ્યકાલીન તથા વર્તમાન) પદ્ય
વિભાગ" પ્ર.આ.૧૯૫૪

(3) અરવિંદ પટેલ: "સાબરકાંઠા વિસ્તારની શક્તિપૂજા અને ગરબા" પાર્શ્વ પબ્લિકેશન; અમદાવાદ પ્ર.આ.૨૦૦૨

(૪) ડૉ. શરદ વૈદ્ય "ગરબો: પૂજા અને પ્રદક્ષિણા" પ્રવીણ પ્રકાશન-પ્ર.આ.૧૯૯૩